# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૩૦/૦૩/૨૦૨૪

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ અંતર્ગત નવી દિલ્હીમાં ઇથોપિયા એમ્બેસી ખાતે ૨૧ એમ્બેસી સાથે કાર્યક્રમ યોજાયો

### સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારોનો વિશ્વની સાથે વેપાર – વાણિજ્ય વધે એ હેતુથી ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા G84 કાર્યક્રમનું આયોજન કરાયું, જેમાં ૨૧ દેશોના એમ્બેસેડર, કોન્સુલ જનરલ, કોમર્શિયલ એટેચી અને પ્રતિનિધિઓએ ભાગ લીધો

**SGCCI દ્વારા G20 ના અનુસંધાનમાં 'વસુધૈવ કુટુંબકમ' One Earth One Family One Marketની ભાવના સાથે ઇકોનોમિક સસ્ટેનેબિલિટીને કેન્દ્રમાં રાખીને ઇથોપિયા એમ્બીસી સહયોગથી તથા ગ્લોબલ ઇન્ડિયા બિઝનેસ ફોરમ, ઇન્ડિયન ચેમ્બર ઓફ ઇન્ટરનેશનલ બિઝનેસ, એશિયન–આફ્રિકન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને ઇન્ડિયન બિઝનેસ ગૃપના મદદથી આ કાર્યક્રમ યોજાયો**

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ અંતર્ગત ગુરૂવાર, તા. ૨૮ માર્ચ, ૨૦૨૪ના રોજ સાંજે ૫:૦૦થી રાત્રે ૯:૦૦ કલાક દરમ્યાન નવી દિલ્હીમાં ઇથોપિયા એમ્બીસીના સહયોગથી ઇથોપિયા એમ્બીસી ખાતે મિશન ૮૪ના વાઇબ્રન્ટ એજન્ડાને અનુલક્ષીને સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારોનો વિશ્વની સાથે વેપાર – વાણિજ્ય વધે એ હેતુથી G84 કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા G20 ના અનુસંધાનમાં 'વસુધૈવ કુટુંબકમ' One Earth One

Family One Marketની ભાવના સાથે ઇકોનોમિક સસ્ટેનેબિલિટીને કેન્દ્રમાં રાખીને કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ઇથોપિયા એમ્બેસીની સહયોગથી તથા ગ્લોબલ ઇન્ડિયા બિઝનેસ ફોરમ (GIBF), ઇન્ડિયન ચેમ્બર ઓફ ઇન્ટરનેશનલ બિઝનેસ (ICIB), એશિયન–આફ્રિકન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (AACCI) અને ઇન્ડિયન બિઝનેસ ગૃપ (IBG)ના મદદથી આ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં ઘાના, બેલરૂસ, બોટ્સ્વાના, ઝાંબીયા, ઇન્ડોનેશિયા, ઝિમ્બાબ્વે, નિકારાગુઆ, વિયતનામ, ડોમિનિકન રિપબ્લીક, બુરુન્દી, માલાવી હાઇ કમિશન, રિપબ્લિક ઓફ જીબુટી, ઇરાન, ફિનલેન્ડ, અન્ગોલા, ઇટલી, ઇથોપિયા, સાઉથ સુદાન, કોમોરોસ, ઉઝબેકિસ્તાન અને કોન્ગો મળી ૨૧ જેટલા દેશોના એમ્બેસેડર, કોન્સુલ જનરલ, કોમર્શિયલ એટેચી તથા તેઓના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી રમેશ વઘાસિયાએ કાર્યક્રમમાં સર્વેને આવકાર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ચેમ્બરના ઇતિહાસમાં પ્રથમવાર નવી દિલ્હી ખાતે ઇથોપિયા એમ્બેસી ખાતે વિવિધ દેશોની એમ્બેસીના પ્રતિનિધિઓ સાથે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે સુરતના ઉદ્યોગકારો વિવિધ દેશોમાં જુદી–જુદી પ્રોડકટને એક્ષ્પોર્ટ કરી શકે તે માટે તેઓને તકો આપવા માટે કાર્યક્રમમાં ઉપસ્થિત વિવિધ દેશોના એમ્બેસેડર, કોન્સુલ જનરલ, કોમર્શિયલ એટેચી તથા તેઓના પ્રતિનિધિઓએ વિનંતી કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે, ભારતનો વિશ્વના વિવિધ દેશો સાથે દ્વિપક્ષીય બિઝનેસ સારી રીતે થશે અને બંને દેશોના ઉદ્યોગકારો એકબીજાના દેશોમાં રોકાણ કરતા થશે તો તેઓની વચ્ચે યુદ્ધો થવાની શકયતા પણ ઘટી જશે. એના માટે બે દેશોએ એકબીજા સાથે સહયોગ સાધીને દ્વિપક્ષીય વ્યાપારને આગળ વધારવો પડશે અને બંને દેશોની જરૂરિયાતને પૂર્ણ કરવા માટે ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપવું પડશે તેમજ બે દેશો વચ્ચે મુકત વ્યાપારની દિશામાં પ્રયાણ કરવું પડશે. તેમણે બે દેશો વચ્ચે નવી ભાગીદારીની શોધ, તકોની ઓળખ કરવા અને વિવિધ ક્ષેત્રોમાં સહકાર વધારવાની અસીમ સંભાવનાઓ પર ભાર મૂકયો હતો.

તેમણે કહયું હતું કે, દેશના નાગરિકોને ગરીબીમાંથી દૂર કરવા માટે ઇકોનોમિક ડેવલપમેન્ટ તરફ આગળ વધવું પડશે. આવકની દૃષ્ટિએ પણ પ્રજામાં પ્રોપર અને ઇકવલ ડિસ્ટ્રીબ્યુશન થશે ત્યારે પ્રજા સુખી થશે. તેમણે 2 P એટલે કે Peace અને Prosperity વિશે ચર્ચા કરી હતી. તેમણે વિદેશમાં થતી ભારતીય નિકાસમાં ગુજરાત તથા દક્ષિણ ગુજરાતના યોગદાનનો ચિતાર રજૂ કર્યો હતો. તેમણે વિવિધ દેશોમાં થતી વૈશ્વિક નિકાસમાં સુરત સહિત ગુજરાત કઈ રીતે વધુ સારું યોગદાન આપી શકે છે એ બાબતે પ્લેટફોર્મ પૂરું પાડવા દરેક દેશોના પ્રતિનિધિઓને અપીલ કરી હતી. તેમણે ઉપસ્થિત વિવિધ દેશોના પ્રતિનિધિઓને આંતરરાષ્ટ્રીય વેપારનો વિકાસ થાય એને ધ્યાનમાં રાખી દ્વિપક્ષીય સહકાર મળી રહે તે માટે અનુરોધ કર્યો હતો.

ચેમ્બર પ્રમુખે SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ની વિગતો આપતા જણાવ્યું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સે ભારતને તથા તેની સાથે વ્યાપાર કરતા અન્ય દેશોને આર્થિક મજબૂત બનાવવાના હેતુથી મિશન ૮૪ વિઝન હાથ ધર્યું છે. જેના અંતર્ગત સુરત ઉપરાંત ગુજરાત અને ભારતથી વિશ્વના વિવિધ દેશોમાં રૂપિયા ૮૪૦૦૦ કરોડનું એક્ષ્પોર્ટ થાય તે માટે સઘન પ્રયાસો કરવામાં આવી રહયા છે. ચેમ્બર ઓફ કોમર્સે મિશન ૮૪ અંતર્ગત ઓનલાઇન

ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ બનાવ્યું છે, જેની સાથે ભારતના ૮૪,૦૦૦ ઉદ્યોગકારો – વેપારીઓ અને એક્ષ્પોર્ટર્સને તથા વિશ્વના જુદા–જુદા દેશોમાં બિઝનેસ કરતા ૮૪,૦૦૦ બિઝનેસમેનોને ઓનબોર્ડ કરવામાં આવી રહયા છે. અત્યાર સુધીમાં ૧ર હજારથી વધુ બિઝનેસમેનો જોડાઇ ગયા છે.

એવી જ રીતે ભારતની ૮૪ ચેમ્બર ઓફ કોમર્સને તથા વિશ્વના જુદા–જુદા ૮૪ દેશોની ચેમ્બર ઓફ કોમર્સને પણ આ ઓનલાઈન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ પર લાવવા મિટીંગો થઇ રહી છે. મિશન ૮૪ અંતર્ગત ભારતમાં કાર્યરત ૮૪ દેશોના કોન્સુલ જનરલ, હાઇ કમિશ્નર અને એમ્બેસેડર તેમજ વિશ્વના ૮૪ દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા વિવિધ એમ્બેસેડર્સને પણ આ પોર્ટલ પર ઓનબોર્ડ કરવા મિટીંગો થઇ રહી છે. જેના ભાગ રૂપે ૪પથી વધુ દેશોના ઓશિયલ્સ ચેમ્બર ઓફ કોમર્સની મુલાકાતે આવ્યા હતા અને સુરતના ઉદ્યોગકારોને સાથે વન ટુ વન બિઝનેસ મિટીંગો કરી હતી.

ચેમ્બર પ્રમુખે આ કાર્યક્રમમાં ઉપસ્થિત વિવિધ દેશોના એમ્બેસેડર, કોન્સુલ જનરલ, કોમર્શિયલ એટેચી તથા પ્રતિનિધિઓને મિશન ૮૪ને સહયોગ આપવા માટે અનુરોધ કર્યો હતો. વિવિધ દેશોના પ્રતિનિધિઓ મિશન ૮૪થી ખૂબ જ પ્રભાવિત થયા હતા અને તેને સંપૂર્ણ સહયોગ આપવા સમર્થન આપ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત સહયોગી ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિઓ જેમાં ખાસ કરીને GIBFના ચેરમેન શ્રી જિતેન્દ્ર જોશી, AACCIના ચેરમેન શ્રી જી.ડી. સિંઘ અને ICIBના નોર્થ રિજનના વાઇસ પ્રેસિડેન્ટ શ્રી પુનિતકુમારે SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ના ભાગ રૂપે થઇ રહેલા G84 ડિપ્લોમેટ નાઇટના કાર્યક્રમમાં સહયોગી થઇ આવનારા દિવસોમાં વધુને વધુ દેશોની સાથે SGCCIની સાથે જોડાણ થાય તે બાબતે સહયોગ આપવા સમર્થન આપ્યું હતું.

આ પ્રસંગે ઓનરરી કોન્સુલ કોર્પ્સ ડિપ્લોમેટીક ઇન્ડિયાના પ્રેસિડેન્ટ શ્રી કનૈયા લાલ ગંજુ, ડાબર ગૃપના શ્રી વિવેક બર્મન અને MSME ચેમ્બર ઓફ કોમર્સના શ્રી કમલ જૈન વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી શ્રી કિરણ ઠુમ્મરે કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ના કો–ઓર્ડીનેટર શ્રી સંજય પંજાબીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. જ્યારે SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ના સીઈઓ શ્રી પરેશ ભટ્ટે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.